EN/03/Aug-Sep/2024

**બિલિવર્સ ઈસ્ટર્ન ચર્ચ વૈશ્વિક મુખ્યાલય**

મેટ્રોપોલિટનની ઓફિસ, સિનડ સેક્રેટરિયટ, સંત. થોમસ કમ્યૂનિટી, થિરૂવલ્લા, કેરલા, ભારત.

**ઘેટાંપાળકનો પત્ર**

ઓગસ્ટ /સપ્ટેમ્બર ૨૦૨૪

બધા આર્ચબિશપ અને બિશપગણ , યાજકો, ડિકન ફાધર્સ, સુવાર્તિકો, ઓર્ડર ઓફ સિસ્ટર અને વિશ્વભરના બિલિવર્સ ઈસ્ટર્ન ચર્ચના બધા વિશ્વાસુઓને, પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામે આશીર્વાદ અને શુભેચ્છાઓ. આમીન! ✠

ખ્રિસ્તમાં મારા વ્હાલાઓ,

બિલિવર્સ ઈસ્ટર્ન ચર્ચના મેટ્રોપોલિટન પિતા તરીકે અભિષેક કર્યા પછી આ મારો પ્રથમ ઘેંટાપાળકનો પત્ર તમને લખું છું.હું આ પત્રની શરૂઆત એમ કહીને કકરું છું કે મારા માટે તમારો પ્રેમ અને પ્રાર્થનાઓ માટે હું ઘણો જ આભારી છું. હું ખાસ કરીને આ દિવસોમાં આપણા સ્વર્ગીય પિતાનો આભારી છું, કે તે આપણા પ્રતિ ખૂબ જ વફાદાર છે અને તેમના પ્રેમે અમને માર્ગદર્શન આપ્યું છે.
આ પત્રમાં, હું કેટલીક મહત્વપૂર્ણ બાબતો તરફ તમારું ધ્યાન દોરવા માંગુ છું.

**પ્રથમ: જુવાનોની સભા ઓક્ટોબર ૨૦૨૪.**

જુવાનો આપણા ચર્ચનું ભવિષ્ય છે. જો તેઓ તેમની સ્થાનિક મંડળીઓમાં અને સમુદાયોમાં આધ્યાત્મિક રીતે મજબૂત, જીવંત અને સક્રિય છે, તો પછી આપણા ચર્ચનું ભવિષ્ય સુરક્ષિત હાથોમાં છે. આ ઉદેશ્યને ધ્યાનમાં રાખીને અમે ઓક્ટોબર ૨૦૨૪ માં યુથ એસેમ્બલી માટે પ્રાર્થના, તૈયારી અને આયોજન કરી રહ્યા છીએ.જ્યાં વિવિધ ડાયોસિસનું પ્રતિનિધિત્વ કરતા જુવાનોનું એક પસંદ કરાયેલ સમૂહ એકસાથે ભેગા મળશે.
કૃપા કરીને આ યુથ એસેમ્બલી માટે હર્દયપૂર્વક પ્રાર્થના કરો.
તમારી પરિવારિક પ્રાર્થનાઓમાં આ સંમેલન માટે પ્રાર્થના કરો; જુવાનોનું આ સંમેલન પૂરું થાય ત્યાં સુધી તમારી સ્થાનિક મંડળીઓમાં પ્રાર્થના સભાઓનું આયોજન કરો. સહભાગીઓની સલામત યાત્રા અને તમામ તૈયારીઓ માટે પ્રાર્થના કરો કે આપણા જુવાનો આ સંમેલનમાં પવિત્ર જીવન માટે જાગૃત થઈ શકે છે.

**બીજું: આપણી સ્થાનિક મંડળીઓમાંથી સમર્પિત જુવાન ભાઈઓ અને બહેનોની ખૂબ જ જરૂર છે**

કે તેઓ પ્રશિક્ષિત થઈને તેમનું જીવન પવિત્ર ચર્ચની સેવા કરવા માટે સમર્પિત કરે.
જેમ ઈસુએ કહ્યું, લોકોની આધ્યાત્મિક જરૂરિયાતો મહત્વપૂર્ણ છે પરંતુ તે જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે માત્ર થોડા જ લોકો છે તો, આપણે શું કરી શકીએ? પરમેશ્વરને પ્રાર્થના કરો કે તે ઘણા લોકોને મોકલે કે તેઓ આ જરૂરિયાતોને પૂરી કરનારની ભૂમિકા નિભાવી શકે. (સંત.માથ્થી ૯:૩૬-૩૮) આપણી મંડળી માટે અને આપણા પરિવારો માટે આ એક પ્રાર્થના વિનંતી બની જાય જેની માટે અમે અમારી બધી પ્રાર્થના સભાઓમાં આખા વર્ષ દરમિયાન સતત પ્રાર્થના કરતાં રહીએ. જો તમે માતાપિતા છો, તો તમારા બાળકો માટે પ્રાર્થના કરો કે તેઓ પોતાનું જીવન પરમેશ્વરની સેવા માટે સમર્પિત કરે.ચાલો આપણે પ્રથમ ઉદાહરણ બનીએ, અને અન્ય લોકો અનુસરશે.

**ત્રીજું:** આપણી મુખ્ય સેમિનારી, ડાયોસેસન સેમિનારી, અને સિસ્ટર ઓફ ક્રોસ, તાલીમ કેન્દ્રોના નવા શૈક્ષણિક સત્રો શરૂ થઇ ગયા છે. તાલીમ લઈ રહેલા વહાલા ભાઈ-બહેનો માટે પ્રાર્થના કરો કે તેઓ અભ્યાસ કરવા માટે અને પરમેશ્વરની સેવા માટે પોતાને તૈયાર કરવા સમર્પિત થઈ શકે.

**ચોથું:** આવો,આપણે પવિત્ર ચર્ચની નાણાકીય જરૂરિયાતો પ્રતિ હાથ લાંબો કરવામાં વફાદાર રહીએ.
સંત પાઉલ આપણને મકદોનિયાના ચર્ચની યાદ અપાવે છે, જેણે, અત્યંત ગરીબી વચ્ચે પણ,
તેમની ક્ષમતા કરતાં વધારે આપ્યું (૨ કોરીં ૮:૧-૫). આપણું પવિત્ર ચર્ચ પણ આવું જ એક બનવા દો-જે ઉદારતાથી, સ્વેચ્છાએ અને વફાદારીથી આપવા માટે જાણીતું છે, જેમ તે ગરીબ વિધવાએ કર્યું કે જેમણે "તેની પાસે જે હતું તે બધું આપી દીધું"(સંત. માર્ક ૧૨:૪૧-૪૪). યાદ રાખો, કે પરમેશ્વર ખુશીથી આપનારને પ્રેમ કરે છે (૨ કોરંથી ૯:૬,૭), અને તે વચન આપે છે કે જ્યારે આપણે પરમેશ્વરને આપીએ છીએ, ત્યારે તે સ્વર્ગની બારીઓ ખોલી નાખશે અને આપણી પર પોતાનો આશીર્વાદ રેડશે(માલાખી 3:૧૦,૧૧).
પ્રિય બાળકો, હું સમાપ્ત કરું તે પહેલાં, હું તમને યાદ અપાવવા માંગુ છું કે એક મંડળીના રૂપમાં આ આપણી જવાબદારી છે કે આપણે આપણા દેશ, રાજ્ય, અને વિસ્તારના નેતાઓ માટે પ્રાર્થના કરીએ (૧ તિમોથી ૨:૧-૪). આવો આપણે તે નિષ્ઠાપૂર્વક કરીએ.આવો આપણે હિંસા અને અસ્થિરતાથી પ્રભાવિત બાંગ્લાદેશ દેશ માટે પણ પ્રાર્થના કરીએ કે તે દેશમાં ઝડપથી શાંતિ અને સ્થિરતા સ્થાપિત થાય.

મહેરબાની કરીને કુદરતી આફતોથી અસરગ્રસ્ત વિસ્તારો માટે પણ પ્રાર્થના કરો, કે સૃષ્ટિકર્તા પરમેશ્વર પોતાના લોકો પર દયા અને કરુણા કરે.
અંતમાં, પ્રિય ભાઈઓ અને બહેનો, અમારા શાંતિપ્રાપ્ત મેટ્રોપોલિટન ધન્ય અનુસ્મરણીય અથનેસિયસ યોહાન પ્રથમ કહે છે કે,પ્રેરિતોનાં કૃત્યોનું પુસ્તક આપણો પાયો છે, આ આપણા ઓર્થોડોક્ષ વિશ્વાસ માટે મૂળભૂત માર્ગદર્શિકા છે. આ પુસ્તકને વારંવાર વાંચો; આવો આપણે તે સિદ્ધાંતો વ્યક્તિગત રીતે, સામૂહિક રીતે, સ્થાનિક મંડળીના રૂપમાં તેને લાગુ કરીએ.અને આ રીતે એક મંડળીના રૂપમાં વધતા જઈએ.
જેમ જેમ આપણે આગળ વધીએ છીએ, આવો આપણે આપણી નજર પવિત્ર મંડળીના પ્રભુ, ખ્રિસ્ત ઈસુ પર સ્થિર રાખીએ,તેને પ્રસન્ન કરનાર જીવન જીવવા માટે દૈનિક શક્તિ અને પ્રેરણા પ્રાપ્ત કરીએ. થવા દો કે પવિત્ર આત્મા આપણા પ્રેમ અને સેવાના કાર્યમાં આપણું માર્ગદર્શન કરતાં રહે અને આપણા બધા પ્રયત્નો ફળદાઈ બને, કાયમી

ફળ લાવે અને મહિમા,આદર,સ્તુતિ, સન્માન અને ગૌરવ પવિત્ર ત્રિએક- પિતા, પુત્ર, અને પવિત્ર આત્માને સદા સર્વદા થતી રહે.

ખ્રિસ્તમાં, તમારા પિતા,

મોરન મોર સેમ્યુઅલ થિઓફિલસ

મેટ્રોપોલિટન

તારીખ:૧૨ ઓગસ્ટ ૨૦૨૪

સ્થાન: **વૈશ્વિક ચર્ચ મુખ્યાલય**

---

**નોંધ: આ પત્ર વિશ્વાસીઓના પ્રોત્સાહન માટે દરેક સ્થાનિક મંડળીમાં વાંચવામાં આવે.**